ગુજરાતના ખેડૂતો ફરી લડી લેવાના મૂડમા

રાજ્યમાં સમાન વીજ દરને લઈને ખેડૂતોએ સરકાર સામે બાંયો ચડાવી

૬ માસથી સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે, પરંતુ તેનો કોઈ ઉકેલ મળી રહ્યો નથી

ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં ખેડૂતોની કફોડી છે. વિધાનસભાની ચૂંટણી ટાણે ખેડૂતોને રિઝવવા મોટી-મોટી વાતો કરવામાં આવે છે પરંતુ ચૂંટણી પૂર્ણ થયા પછી તેનો ઉકેલ આવતો નથી. ગુજરાત સહિત દેશના ખેડૂતોની આવક બમણી કરવાના વાયદા કરવામાં આવે છે, પરંતુ ચૂંટણી પૂરી થતા જ જગતના તાતને નેતાઓ ભૂલી જતા હોય છે. ત્યારે પોતાની માગ પૂરી કરાવવા માટે કિસાન સંઘના પ્રવકતાએ ખેડૂતોના સવાલોને લઈને રજૂઆત કરી છે. છતાંય ઝાડી ચામડીના નેતાઓ પર તેની કોઈ અસર થતી નથી. ત્યારે રાજ્યમાં સમાન વીજ દરને લઈને ખેડૂતોએ સરકાર સામે બાંયો ચડાવી છે. આ મામલે હવે ભારતીય કિસાન સંઘ પણ મેદાને આવ્યું છે.આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગાંધીનગર ખાતે ભારતીય કિસાન સંઘે વિશેષ બેઠક બોલાવી હતી. જેમાં સમાન વીજ દર મામલે ભારતીય કિસાન સંઘે બેઠકનું આયોજન કર્યું હતુ. છેલ્લા ૬ માસથી સરકાર સમક્ષ વીજ મામલે રજૂઆત કરવામાં આવી રહી છે. પરંતુ તેનો કોઈ ઉકેલ મળી રહ્યો

નથી. કિસાન સંઘના પ્રવક્તા આર કે પટેલે જણાવ્યું હતું કે, સમાન વીજ દર મામલે સરકાર સમક્ષ કિસાન સંઘે રજૂઆત કરી છે. સતત રજૂઆત કરવામાં આવી રહી છે. પરંતુ તેનો કોઈ હકારાત્મક જવાબ મળી રહ્યો નથી. અમે તાલુકા સ્તરે ધરણા કર્યા અને આવેદનપત્ર આપ્યા હતા. ત્યારે સરકારે ૪ મંત્રીઓની બેઠક યોજી આશ્વાસન આપ્યું હતું. તે વાતને એક મહિનો થઈ ગયો છે, પરંતુ હજુ કઈ થયું નથી.આર કે પટેલે વધુમાં જણાવ્યું હતું કે, તબેલામાં પણ કોમર્શિયલ ભાવ દુર કરવાની માંગ ભારતીય કિસાન સંઘ દ્વારા સરકારને કરવામાં આવી છે. આ સિવાય મીટર બળી જાય તો તેનો ચાર્જ ખેડૂતો પર ન હોવો જોઈએ. પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપ છે. છતાં ખેડૂતોની વાત કોઈ સાંભળતું નથી. પરંતુ હવે એવું નહીં બને. આગામી ૨૫ ઓગસ્ટથી ખેડૂતો ગાંધીનગરમાં અચોક્કસ મુદત સુધીના ધરણાં કરશે.

બીજી બાજુ કિસાન સંઘના પ્રવક્તાએ ખેડૂતો અંગે કરેલા નિવેદન પર ગુજરાત કોંગ્રેસની પ્રતિક્રિયા સામે આવી છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે એક નિવેદન આપતા જણાવ્યું હતું કે, કિસાન સંઘ જે આજે વાત કરે છે તે માત્ર ચૂંટણી સમયે વાત કરે છે. કિસાન કોંગ્રેસ ખેડૂતોના લમ્પી, તાઉતે વાવાઝોડાનો મુદ્દો ઉઠાવ્યો હતો. એટલું જ નહીં, ખેતીના બીયારણ, સાધનો પર જે ટેક્સ સરકાર લઈ રહી છે તે મુદ્દો પણ ઉઠાવ્યો હતો. પરંતુ મારો પ્રશ્ન છે કે કોંગ્રેસની સરકારમાં ગોળીઓ ખાધેલ કિસાનની લાશો ટ્રેક્ટરમાં લઈ ફરતી કિસાન સંઘ હાલ ક્યા ગયો છે? ક્યાં ગઈ એ વિચાર ધારા?

જગદીશ ઠાકોરે ઉમેર્યું હતું કે, ભાજપાના ૨૭ વર્ષમાં શાસનમાં ખેડૂત ખતમ થઈ રહ્યો છે, આત્મહત્યા કરી રહ્યો છે. ખેડૂતો પાસે દિકરાને અભ્યાસ કરાવવા કે દિકરીના લગ્ન કરાવવા કોઈ વ્યવસ્થા નથી. ખેડૂતનું અર્થતંત્ર તુટી પડ્યું છે, ત્યારે માત્ર વાતો ના કરી મર્દાનગીથી બહાર આવે. ભાજપ સરકાર સામે કિસાનસંઘ ખેડૂતો માટે આંદોલન કરે એ જ અપેક્ષા અમે રાખી રહ્યા છીએ.

આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવને રુદ્રાક્ષનો શૃંગાર

૫૧૦૦૦ રુદ્રાક્ષના પારાથી તૈયાર કરવામાં આવ્યો અલૌકિક શૃંગાર

કહેવાય છે કે ભગવાન શિવને રુદ્રાક્ષ અતિ પ્રિય છે, રૂદ્રાક્ષની ઉત્પત્તિની વાર્તા પણ ખુબ રોચક છે, એક સમયે ભગવાન શિવે હજાર વર્ષ સુધી સમાધિ લીધી હતી. સમાધિમાંથી જાગીને જ્યારે તેમનું મન બહારની દુનિયામાં આવ્યું, ત્યારે જગતના કલ્યાણની ઈચ્છા ધરાવતા મહાદેવ આંખો બંધ કરી દીધી. ત્યારે તેની આંખમાંથી પાણીનું ટીપુ પૃથ્વી પર પડ્યું. તેમાંથી રુદ્રાક્ષના વૃક્ષનો જન્મ થયો અને તે શિવની ઈચ્છાથી ભક્તોના લાભાર્થે આખા દેશમાં ફેલાઈ ગયા. તે વૃક્ષો પર જે ફળ આવે છે તે રુદ્રાક્ષ છે. જે પાપોનો નાશ કરનાર, પુણ્ય કરનાર, રોગનો નાશ કરનાર, સિદ્ધિકાર અને મોક્ષનો ઉપભોગ કરનાર છે. રુદ્રાક્ષ ફળદાયી છે, જે અષ્ટિને દૂર કરીને શાંતિ આપનાર છે. ૫૧૦૦૦થી વધુ રુદ્રાક્ષથી આદિ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથજીને વિશેષ શૃંગારીત કરવામાં આવેલ હતા. જે અદભૂત અને મનોરમ્ય શૃંગારની ઝાંખી લઈ ભક્તો કૃતકૃત્ય થયા હતા.

ગાંધીનગરના નાંદોલીને અમદાવાદ મનપાની હદમાં મર્જ કરવામાં આવશે

અમદાવાદ શહેરનું વિસ્તરણ થશે : બે વર્ષ આગાઉ અમદાવાદની હદમાં વધારો કરાયા બાદ ફરી અમદાવાદ શહેરના વિસ્તારને વધારવામાં આવશે

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના ઈતિહાસમાં પ્રથમ વખત ટૂંકા ગાળામાં ફરી અમદાવાદને વિસ્તરણ મળી રહ્યું છે. બે વર્ષ આગાઉ અમદાવાદની હદમાં વધારો કરાયા બાદ ફરી વખત અમદાવાદ શહેરના વિસ્તારને વધારવામાં આવશે. જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલના નાંદોલી ગામને અમદાવાદ મ્યુનિસિપલ હદમાં મર્જ કરવામાં આવશે.

ઝડપી શહેરીકરણ કરતા અમદાવાદમાં અગાઉ ક્યારેય કોર્પોરેશનના ઈતિહાસમાં ન બન્યું તેવું બનશે. બે વર્ષથી વધુના ટૂંકા સમયગાળામાં વિસ્તરણ થશે. મહત્વનું છે કે આ અગાઉ જુન ૨૦૨૦માં શહેરની હદમાં વધારો કરવામાં આવ્યો હતો. એક બાજુ અમદાવાદ મનપાની તિજોરી તળિયા ઝાટક છે. તેવામાં એએમસીએ ગાંધીનગર જિલ્લાના નાંદોલી ગામમાં આધુનિક માળખાકીય સુવિધા ઊભી કરવાની નેમ લીધી છે. અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની ગુરુવારે બોર્ડ બેઠક યોજાઈ હતી. જેમાં શહેરની મર્યાદા વધારી નાંદોલી ગામને શહેરી વિસ્તારમાં ઉમેરવાનો નિર્ણય લેવાયો હતો. નાંદોલી મુખ્યત્વે કૃષિ ક્ષેત્ર છે. પરંતુ નાંદોલી ગામ, ભાડજ અને શીલજ વિસ્તારોની નજીક હોવાથી એએમસીએ તેને પોતાની મર્યાદામાં ભેળવવા માંગ ઉઠાવી છે. છેલ્લી વિસ્તરણ યોજનાને લઈને બોપલ-ઘુમા નગરપાલિકા, કઠવાડા અને નાના ચિલોડા ગ્રામ પંચાયત પ્રદેશોના સંપૂર્ણ સમાવેશ સાથે શહેરનો વિસ્તાર જૂન ૨૦૨૦માં ૪૬૪ ચો.કિ.મી.થીવધીને ૪૮૦ ચો. કિ.મી. થઈ ગયો છે. ઓડાના સૂત્રોમાંથી જાણવા મળતી વિગત નાંદોલી ગામ શીલજ અને ભાડજ નજીક આવેલ છે પરતું અમદાવાદનું ગામડું ન હોવાથી નાંદોલી ગામનો સમાવેશ કરવાની દરખાસ્ત અગાઉ કરાઈ હતી.જે અંગેનો અંતિમ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવશે.નાંદોલીના લોકો ટૂંક સમયમાં સમાવેશ માટે તેમની દરખાસ્ત રજૂ કરશે.

જન્માષ્ટમીના દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી ધન્યતા અનુભવી

ટ્રસ્ટની મિકેનિઝમ સિસ્ટમથી સ્વહસ્તે શિખર સુધી ધ્વજારોપણ કર્યુ

ગાંધીનગર, તા.૨૦

શ્રાવણ માસમાં જન્માષ્ટમીના તહેવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ ૧૨ જ્યોતિર્લિંગમાંના પ્રથમ એવા સોમનાથ મંદિરે ભોળાનાથને શીશ ઝૂકાવી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીએ સોમનાથ મહાદેવ સમક્ષ ગુજરાતના લોકોની સમૃદ્ધિ અને સ્વસ્થ જીવન તેમજ આરોગ્ય અને સુખાકારીની પ્રાર્થના કરી હતી.

સૌ પ્રથમ મુખ્યમંત્રીએ દિગ્વિજય દ્વાર સામે રહેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ગરિમાપૂર્વક વંદન કરી ફૂલ અર્પણ કર્યા હતાં. જે પછી મંદિરમાં આગમન સાથે જ સૌ પ્રથમ શરણાઈના મધુર સૂર સાથે પંડિતો દ્વારા શ્લોકના સુમધુર ઉચ્ચારણોથી મુખ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં શ્રાવણ મહિનાનું અનેરું મહત્વ છે ત્યારે મુખ્યમંત્રીએ મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક અર્પણ કર્યા બાદ પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. ઉપરાંત મુખ્યમંત્રીએ મંદિરમાં પૂજારી દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી સોમેશ્વર મહાપૂજાનો લાભ લીધો હતો અને સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિકસાવેલી ખાસ મિકેનિઝમ સિસ્ટમથી ધ્વજારોપણ પણ કર્યુ હતું. મુખ્યમંત્રીને સોમનાથ મંદિર ટ્રસ્ટી જે.ડી.પરમાર અને સોમનાથ ટ્રસ્ટ સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ દ્વારા સોમનાથની તસવીર ભેટ આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીના સોમનાથ પ્રવાસ નિમિત્તે પૂર્વમંત્રી જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયત પ્રમુખ રામીબહેન વાજા, પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, બીજ નિગમના પૂર્વ ચેરમેન રાજશીભાઈ જોટવા, વેરાવળ નગરપાલિકા પ્રમુખ પિયૂષભાઈ ફોફંડી, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, જિલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલ, જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે, જૂનાગઢ રેન્જ આઈ નિલેશ ઝાઝડિયા, જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા સહિતના અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી ખાતે નંદમહોત્સવ-૨૦૨૨ની ઉજવણી

જન્માષ્ટમી નિમિત્તે અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટી. અડાલજ દ્વારા નંદ મહોત્સવ-૨૦૨૨ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણ આરતી સાથે કૃષ્ણ કવીઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ અંતમાં મટકીફોડનો કાર્યક્રમ યોજાયો હતો. નંદ ઘેર.. આનંદ ભર્યો જય કનૈયા લાલ કી..ના જયઘોષથી સંસ્થાનું પ્રાંગણ ગુંજી ઉઠયું હતું.

પ્રાંતિજના ભૂતપૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા કેસરિયા કરશે

સાબરકાંઠામાં કોંગ્રેસ તૂટવાના એંધાણ : જીલ્લા પંચાયતની બેઠક પર ૯૫૦ વોટથી વિજયી બન્યા અને તે પછી તાલુકા પંચાયતની પાંચેય બેઠક પણ વિજયી બનાવી હતી

સાબરકાંઠા,તા.૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ માહોલ ગરમાઈ રહ્યો છે. રાજકીય પાર્ટીઓ દ્વારા તમામ પ્રકારે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. એક તરફ ભાજપના દિગ્ગજો ગુજરાત મુલાકાતે આવીને વિવિધ વિકાસના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી રહ્યા છે તો બીજી તરફ આમ આદમી પાર્ટી પણ એક્ટિવ મોડમાં જોવા મળી રહી છે. પરંતુ કોંગ્રેસની સ્થિતિ એક સાંધે ત્યાં તેર તૂટે તેવી બની છે. વધુ એક કોંગ્રેસના નેતા ભાજપમાં જોડાશે.

જી, હા પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પક્ષપલટો કરશે. તેઓ આગામી ૨૨ ઑગષ્ટે કમલમ ખાતે ભાજપમાં જોડાશે. સ્થાનિક ભાજપના કાર્યકરો અને ટેકેદારો આ પ્રસંગે હાજર રહેશે. ઉલ્લેખનીય છે કે પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ૨૧ ઓગષ્ટના રોજ પ્રાંતિજ માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસને લઈને લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કર્યુ છે. જેમાં ૧૦૦૦થી વધુ શુભેચ્છકો આવશે. તો ૫૧ બ્રાહ્મણો પણ પૂજામાં જોડાશે. ત્યારબાદ તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. મહત્વનું છે કે પહેલા ખેડબ્રહ્માના કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલ ભાજપમાં જોડાયા હતા. ત્યારે હવે પ્રાંતિજના ધારાસભ્ય ભાજપમાં જોડાશે જે પરથી કહી શકાય તે સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસ તૂટવાના એંધાણ વર્તાયા છે. પ્રાંતિજના મહેન્દ્રસિંહ બારૈયાએ ૧૯૯૮થી રાજકારણમાં જોડાયા. તેઓ પહેલા પ્રાંતિજ તાલુકા કોંગ્રેસમાં મહામંત્રી હતા. ત્યાર બાદ ૨૦૦૨માં તેમણે જિલ્લા કોંગ્રેસનું મહામંત્રી પદ સંભાળ્યુ હતું.

રાજ્યમાંથી ૧૭૧ યુવાઓએ ૨૦૨૨ની યુપીએસસી પ્રિલીમ્સમાં સફળતા મેળવી

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાંથી કેન્દ્રીય જાહેર સેવા આયોગ UPSCની ૨૦૨૧ના વર્ષની ફાયનલ તથા ૨૦૨૨ના વર્ષની પ્રિલીમ્સ પરિક્ષામાં સફળતા મેળવનારા યુવાઓનું સન્માન, અભિવાદન ગાંધીનગરમાં કર્યુ હતું.

ગુજરાત સરકારના સરદાર વલ્લભભાઈ પટેલ જાહેર વહીવટ સેવા સંસ્થાન SPIPAમાં અભ્યાસ તાલીમ મેળવીને આ યુવાઓએ જવલંત સફળતા પ્રાપ્ત કરી છે.

મુખ્યમંત્રીએ આવા ૧૨ જેટલા યુવાઓને સર્ટીફિકેટ અને સ્મૃતિચિન્હ આપી સન્માન કર્યુ હતું. એટલું જ નહિ, રાજ્ય સરકારની યોજના અન્વયે UPSC ફાયનલ પરિક્ષામાં ઉર્તિણ થનારા યુવકને રૂ. ૫૧ હજાર તેમજ યુવતિને રૂ. ૬૧ હજાર તથા પ્રિલીમીનરી પરિક્ષામાં ઉર્તિણ થનારા યુવકને રૂ. ૨૫ હજાર અને યુવતિને રૂ. ૩૦ હજારની પ્રોત્સાહન સહાય રાશિ અંતર્ગત મુખ્યમંત્રીએ ચેક પણ અર્પણ કર્યા હતા. ગુજરાતમાંથી ૨૦૨૨ના વર્ષમાં UPSC પ્રિલીમીનરી પરિક્ષામાં ૧૭૧ ઉમેદવારો સફળ થયા છે તેમાંથી સૌથી વધુ એટલે કે ૧૪૩ SPIPAના તાલીમાર્થી વિદ્યાર્થીઓ છે તે માટે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

મતદારયાદીમાં હજારોની સંખ્યામાં ડુપ્લીકેટ નામ અને બોગસ મતદાર : સી જે ચાવડા

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં મતદારયાદીમાં અનેક ગડબડોનો કોંગ્રેસનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ નેતા અને ધારાસભ્ય સી જે ચાવડાએ કહ્યું કે ગુજરાતમાં મતદાર યાદીમાં લાખોની સંખ્યામાં ડુપ્લીકેટ નામો અને બોગસ મતદારો છે. આ અંગે કોંગ્રેસ પક્ષના સિનિયર નેતાની આગેવાની હેઠળ આજે કોંગ્રેસ પક્ષનું ડેલીગેશન રાજ્ય ચૂંટણી આયોગને મળવા ગયું હતું જેમાં કોંગ્રેસ પક્ષે ચૂંટણીપંચ ના મુખ્ય અધિકારીને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી.

આવતીકાલ ૨૧-૦૮-૨૦૨૨ થી રાજ્યમાં મતદાર સુધારા કાર્યક્રમ શરૂ થવા જઈ રહ્યો છે. જો કે આ મતદાર સુધારા કાર્યક્રમમાં ચૂંટણી અધિકારી ઈમાનદારીથી કામ કરે તેવી માંગ કોંગ્રેસના ડેલિગેશને કરી છે. આ ઉપરાંત કોંગ્રેસ પક્ષે વધુમાં જણાવ્યું છે કે મતદાર સુધારા કાર્યક્રમ કરવા છતાંય મતદાન કરતી વખતે ઘણા બધાના નામ કમી થઈ ગયેલા હોવાનું જાણવા મળે છે, તો કેટલીક જગ્યાએ ડુપ્લિકેટ મતદાર પણ સામે આવે છે જેથી આ વખતે ચુંટણી અધિકારી ચોક્કસાઈથી કામ કરે. કે સી જે ચાવડાએ ભૂતકાળને વાગોળતા જણાવ્યું હતું કે આગઉ મહેસાણા વિભાગમાં ૬૬૭૯ ડુપ્લિકેટ મતદારો જોવા મળ્યા હતા. આ સિવાય રાજ્યના પાટનગર એવા ગાંધીનગર ઉત્તરમાં ૮ થી ૧૦ હજાર ડુપ્લિકેટ મતદારો છે તેવો દાવો કર્યો હતો. આ ઉપરાંત એક જ સોસાયટી અને એક જ ઘર અને એક કુટુંબમાં ડુપ્લીકેટ મતદારો સામે આવ્યા છે. જેથી આ કામગીરી કરતા ચૂંટણીના અધિકારી સમક્ષ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી.

રાજ્યમાં કોરોનાના નવા ૨૫૮ કેસ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૫૮ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૬૩૭ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે ત્રણ દર્દીના મોત થયા છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૯૩ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૨૫૫૩ એક્ટિવ કેસ છે. જેમાંથી ૨૫ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૫૨૮ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૫૩,૯૯૮ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. આ સાથે જ રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૯૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૮૧ કેસ નોંધાયા છે, જ્યારે બે દર્દીઓના મોત નોંધાયા છે.

મોટા ફેરફાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓ કલોલ તાલુકાના નારદીપુર ગામના કાર્યક્રમમાં પણ નિર્ધારિત સમય કરતા મોડા આવ્યા હતા. તેમણે આ કાર્યક્રમ પણ ગણતરીની મિનિટોમાં જ પૂર્ણ કર્યો હતો. જો કે તેઓ સાંજે જ દિલ્હી પરત ફર્યા હતા.

રાજ્યના મુખ્યમંત્રીના આ નિર્ણય પછી રાજ્ય ભાજપના નેતાઓના ફોન બંધ થઈ ગયા છે અને કોઈ જ કશુ બોલવા તૈયાર નથી.

બીજી તરફ ભાજપના રાષ્ટ્રીય સંગઠન મંત્રી બી.એલ. સંતોષ ગુજરાત આવી રહ્યા છે અને તેમના આ પ્રવાસને લઈ કાલથી બેઠકોનો ધમધમાટ કમલમ્માં જોવા મળી શકે છે.

રાજેન્દ્ર ત્રિવેદી અને પૂર્ણેશ મોદી સામે કેટલીક ફરિયાદો રાષ્ટ્રીયસ્તર સુધી પહોંચ્યા બાદ દિલ્હીના સ્પષ્ટ સંકેતોને પગલે આ નિર્ણય મુખ્યમંત્રીએ લીધો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

રાજન્દ્ર ત્રિવેદી હાલ વડોદરા હોવાનું જાણવા મળેલ છે અને તેમના કે પૂર્ણેશ મોદીના કોઈ જ પ્રતિભાવ જાણવા મળી શક્યા નથી.

વિધાનસભાની ચૂંટણી પહેલાંની આ રાજકીય ઉલટફેરને લઈ પાટનગરમાં અનેકવિધ અટકળો અને તર્ક-વિતર્કના દોર શરૂ થઈ જવા પામ્યા છે.

કારણ વગર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ આ દારૂની નીતિ શ્રેષ્ઠ નીતિ છે. જો લેફ્ટનન્ટ ગવર્નરે નીતિમાં ફેરફાર કરવાનો નિર્ણય ન લીધો હોત તો દિલ્હીને ૧૦ હજાર કરોડ મળ્યા હોત. ભાજપના નેતા મનોજ તિવારી ૮ હજાર કરોડના કૌભાંડની વાત કરે છે અન્ય નેતાઓ ૧૧૦૦ કરોડના કૌભાંડની વાત કરે છે અને ઉપરાજ્યપાલ ૧૪૪ કરોડના કૌભાંડની વાત કરે છે પરંતુ સીબીઆઈની એફઆઈઆરમાં આમાંથી કોઈનો પણ ઉલ્લેખ નથી. તેમાં એક કરોડ રૂપિયાનું કૌભાંડ થયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

શિક્ષણ મંત્રીએ કહ્યું કે, તેમની પરેશાની અરવિંદ કેજરીવાલ છે. સમગ્ર દેશના લોકો તેમને પસંદ કરવા લાગ્યા છે. તેમને મુશ્કેલી એ છે કે, અરવિંદ કેજરીવાલને રાષ્ટ્રીય વિકલ્પના રૂપમાં જોઈ રહ્યા છે. મારા ઘરમાં દરોડા પણ અરવિંદ કેજરીવાલને રોકવા માટે જ પાડવામાં આવ્યા. અરવિંદ કેજરીવાલના કારણે આખા વિશ્વમાં દેશનું નામ રોશન થઈ રહ્યું છે. ભ્રષ્ટાચાર મારી ભૂલ નથી. મેં ભ્રષ્ટાચાર નથી કર્યો.

ભવ્ય ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભગવાનના જન્મ સાથે જ શહેરીજનોને જયઘોષ અને આતશબાજી સાથે વધામણાં કર્યાં હતાં. શહેરના સેક્ટર તેમજ નવા વિસ્તારોમાં ફ્લેટ એપાર્ટમેન્ટ સહિતની રહેણાંક સોસાયટીઓમાં સામુહિક રીતે મટકી ફોડ સાથે કૃષ્ણ જન્મોત્સવના આયોજનો કરાયાં હતા તે સાથે અનેક શ્રધ્ધાળુઓએ પણ પોતાના ઘરે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય સજાવટ કરીને ભગવાનના અવરતરણને ઉજવ્યું હતું. મોડી સાંજથી ભાવિકો કૃષ્ણ ભજનો કરવા લાગ્યાં હતા અને મધ્યરાત્રિએ ભગવાનના જન્મ સાથે તેમની આરતી ઉતારવામાં આવી હતી અને ભક્તોએ જયઘોષ કર્યા હતા. આ સાથે ભાવિકોએ પંજરી, ફળફળાદિ અને માખણ-સાકર સહિત પંચામૃતનો પ્રસાદ ભગવાનને ધરાવીને આરતી બાદ સૌએ ગ્રહણ કર્યો હતો. બાળકોએ રાધા-કૃષ્ણ અને ગોવાળ-ગોપીઓની વેશભૂષા સાથે મનભરીને કાનુડાના જન્મોત્સવને માણ્યો હતો.

ઉગ્ર રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. વરસાદી દિવસોમાં શહેરના મુખ્ય ધ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ બાકી છે. જયારે આ ઉપરાંત સે-૯ અને સે-૧૦ માં પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. આ મુજબ શહેરના સે-૧ થી ૫ માં પણ આંતરિક માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. જેને અનુલક્ષીને વરસાદી દિવસોના અંતે સેકટરોના આંતરિક રસ્તાઆની સુધારણાનુ કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. એકબાજુ રીંગરોડ આસપાસ પણ કેટલીક જગ્યાએ ખાડા ખોદવામાં આવ્યા છે. જેના લીધે ઉબડ ખાબડ માર્ગો આસપાસ પણ માટી પોલાણ થતા જોખમી સ્થિતિ સર્જાઈ છે. સેકટરોની સાથે ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં પણ માર્ગોની દુર્દશાથી સ્થાનિકો પરેશાન છે. રીલાયન્સ ચોકડી થી આગળ જતા માર્ગ પર ઠેર ઠેર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે ઈન્ફોસીટી નજીક પણ માર્ગની દશા ખરાબ છે.

૧૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે નોંધાયેલા કેસમાં બે મહિલા તેમજ બે નાના ભૂલકાઓ અને એક પરિવાર સંક્રમિત થયાનું જણાયુ છે. સરગાસણ ગામેથી ૭ વર્ષનો દિકરો અને ૪ વર્ષનો દિકરો સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ કેસ સરગાસણ ગામમાંથી ઉપરાંત સે. ૧૪, ૪, ૭, ૩૦, ૮, કોબામાંથી મળ્યા છે.

આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે હવે એક્ટીવ કેસોની સંખ્યા ૧૦૦ થઈ છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ વધ્યો છે પણ જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે સઘન સર્વેલન્સ અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.